
તાપમાન
મહત્તમ : ૪૩.૫ ડીગ્રી
લઘુતમ : ૨૯.૮ ડીગ્રી
ભેજ
સવારે ૫૫ ટકા ● સાંજે ૧૬ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૮૫ | ૫ જૂન, ૨૦૧૬, રવિવાર ; વૈશાખ વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## એકનાથ ખડસેનું રાજીનામુ

### ડોન દાઉદ સાથે સંબંધ અને જમીન કૌભાંડ મુદ્દે રાજીનામુ : મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડનવીસને મળ્યા બાદ અંતે રાજીનામુ આપતા રાજકીય ગરમી : કોંગ્રેસ દ્વારા ઉચ્ચસ્તરીય જ્યુડિશિયલ તપાસની ઉગ્ર માંગણી



મુંબઈ,તા. ૪

અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહીમ સાથે સંપર્ક અને જમીન કોંભાડના કારણે ભારે મુશ્કેલીનો સામનો કરી રહેલા મહારાષ્ટ્રના પ્રધાન એકનાથ ખડસેએ આજે રાજુનામુ આપ્યુ હતુ. આની સાથે જ છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો હતો. આજે સવારે ભારે રાજકીય અટકળબાજી વચ્ચે ખડસે મુખ્યપ્રધાન દેન્દ્ર ફડનવીસને મળ્યા હતા. તેમની સાથે વાતચીત કર્યા બાદ ખડસેએ રાજીનામુ આપ્યુ હતુ. મળેલી માહિતી મુજબ મોદી સરકાર બન્યા બાદ ભ્રષ્ટાચારના મામલે રાજીનામુ આપનાર ખડસે પ્રથમ પ્રધાન બની ગયા છે. ભાજપના નેતા સાઈના એનસીએ કહ્યુ છે કે ખડસેએ નૈતિક જવાબદારી સ્વીકારીને રાજીનામુ આપ્યુ છે. તેમણે કહ્યુ હતુ કે ખડસેએ તપાસ પૂર્ણ થાય ત્યા સુધી હટી જવાનો ફેંસલો કર્યો છે.

રાજ્યમાં વિપક્ષી પાર્ટી કોંગ્રેસે આ મામલે મોટા દેખાવની જાહેરાત કરી છે. રાજ્ય કોંગ્રેસે ખડસેની સામે એફઆઈઆર દાખલ કર્યા બાદ તેમની ધરપકડ કરવાની માંગ કરી છે. બપોરે આ સંબંધમાં પત્રકાર પરિષદ યોજીને વધારે માહિતી આપવામાં આવી હતી. છેલ્લા બે ત્રણ દિવસથી ખડસે રાજીનામુ આપી દેશે તેવી માંગ કરવામાં આવી રહી હતી.



પર્યાવરણ દિને સાદર અર્પણ - વિશ્વભરમાં પર્યાવરણની ચિંતા અને ચર્ચા ચારેયકોર ચાલે છે... ખાસ કરીને ગુજરાતમાં અને એમાય ગાંધીનગરમાં પર્યાવરણ માટે નાગરિકોમાં સતત જાગૃતિ વર્તાય છે, આમ છતાં વૃક્ષ કાપવાની પ્રવૃત્તિ હજુ અટકતી નથી... કોણ આંખ આડા કરે છે હજુ સમજાતું નથી... કોના ઈશારાથી વૃક્ષો કપાય છે, કોણ કાપે છે, અને શાના માટે કાપે છે...? આ બધા જ પ્રશ્નો પર્યાવરણ દિનની પ્રભાતે મુંઝવે છે... ગાંધીનગરના હાર્દસમા સેક્ટર-૭ની આ તસવીર પ્રશ્નો ઉભા પણ કરે છે અને જવાબ પણ આપે છે.... (તસવીર : વિનોદ રાઠોડ)

## બોક્સર મોહમ્મદ અલીનું અવસાન

એરિઝોના,તા. ૪

ત્રણ વખત વર્લ્ડ ચેમ્પિયન રહેલા મહાન બોક્સર મોહમ્મદ અલીનુ ૭૪ વર્ષની વયે આજે અવસાન થયુ હતુ. મોહમ્મદ અલીને શ્વાસ લેવાની તકલીફ થયા બાદ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તબીબો તેમનુ ઈલાજ કરી રહ્યા હતા. બોક્સર મોહમ્મદ અલી બીજી જુનથી હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા. હોસ્પિટલમાં તેમની હાલત ગંભીર બનેલી હતી. તબીબો તમામ પ્રયાસ સારવાર બાદ સ્વસ્થ કરવાની કરી રહ્યા હતા. ધ ગ્રેટેસ્ટના નામથી લોકપ્રિય મોહમ્મદ અલી ગયા વર્ષે જાન્યુઆરીમાં હોસ્પિટલમાં દાખલ થયા હતા.

## બાવળા પાસે પાંચ કરોડની લૂંટનો ભેદ ઉકેલાયો

### એકની ધરપકડ : મોટા ભાગનો મુદ્દામાલ કબજે કરવામાં પણ સફળતા મળી : ગણતરીના કલાકોમાં જ અમદાવાદ રૂરલ પોલીસને સફળતા : અમદાવાદથી રાજકોટ લઇ જવાતા સોના-ચાંદીના પાર્સલ લૂંટ થઇ હતી

અમદાવાદ, તા. ૪

અમદાવાદની આંગડિયા પેઢીની પાંચ કરોડથી પણ વધુની દિલધડક લૂટનો ભેદ ગણતરીના કલાકોમાં જ ઉકેલી લેવામાં આવ્યો છે. મોડી સાંજે આ મામલામાં એકની ધરપકડ કરી લેવામાં આવી હતી. મોટાભાગનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. બીજી બાજુ પોલીસના વેષમાં આવેલા લુંટારુ શખ્સોની શોધખોળ ચાલી રહી છે. ઝડપાયેલા શખ્સની પુછપરછ કરાઈ રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, બાવળા-બગોદરા હાઈવે પર ભાયલા ગામ નજીક બનેલા આ બનાવ બાદ પોલીસે ઉંડી તપાસ હાથ ધરી હતી. એલર્ટની જાહેરાત પણ કરી હતી. જો કે, હજુ સુધી લૂંટારુઓ અંગે કોઈપણ માહિતી મળી શકી નથી. પોલીસે જુદી જુદી પાંચથી વધુ ટીમો બનાવીને ઉંડી તપાસ હાથ ધરાઈ હતી. અન્ય વિસ્તારોની પોલીસ પણ શોધખોળમાં સક્રિય થઈ હતી. આંગડિયા પેઢીની આ લૂંટને તાજેતરની સૌથી મોટી લૂટ તરીકે ગણવામાં આવી રહી હતી. લૂંટારાઓ ઠંડા કલેજે સોના-ચાંદીને લૂંટીને કારમાં ફરાર થઈ ગયા હતા. ખુબ જ યોજનાપૂર્વક આ લૂંટ કરવામાં આવી હતી. યોજના પહેલાથી જ તૈયાર હોવાનું પણ દેખાઈ રહ્યું હતું. કારણ કે ખુબ જ સફળરીતે આ લૂંટ કરવામાં આવી હતી. અમદાવાદથી રાજકોટ જતી આંગડિયા પેઢીની ટ્રકને બાવળા બગોદરા હાઈવે પર ભાયલા ગામ નજીક કારમાં આવેલા પાંચથી છ શખ્સોએ રોકી બાવળાની ઝાડીઓમાં લઈ જઈ ટ્રકમાં રહેલા ૧૭ કિલો સોનાની લૂંટ કરી ફરાર થઈ ગયા હતા. લુંટારુઓએ ટ્રકમાં બેઠેલા સિક્યોરિટી ગાર્ડની બે ગન પણ લૂંટી ફરાર થઈ ગયા હતા. બનાવની જાણ બાળવા પોલીસ સહિત ગ્રામ્ય પોલીસના અધિકારીઓને થતાં પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. બાવળા પોલીસે આ અંગે ગુનો દાખલ કરી લુંટારુઓની શોધખોળ શરૂ કરી હતી મોડેથી એકની ધરપકડ કરવામાં આવી હતી.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ રાજકોટ અને અમદાવાદ ખાતે આવેલી આંગડિયા પેઢીની આઈશર ટ્રક જીજે-૩-એઝેડ ૯૯૦૩ના ડ્રાઈવર તરીકે દિનેશભાઈ શામજીભાઈ પરમાર હતા જે રાજકોટના છે. તેમની સાથે સિક્યોરિટી ગાર્ડ તરીકે ભૂપેન્દ્રસિંહ પ્રેમપાલસિંહ ભદોરિયા અને જીતેન્દ્રસિંહ સોદાનસિંહ ચૌહાણ હતા. આ બંને સિક્યુરિટી મેન પૈકી એક ભુપેન્દ્રસિંહ ભદોરિયા બાપુનગર અમદાવાદમાં રહે છે જ્યારે જીતેન્દ્રસિંહ ચૌહાણ સોનીની ચાલી, ધનલક્ષ્મી સોસાયટીમાં રહે છે. ગત રાત્રે ૧૦.૩૦ની આસપાસ ૨૭ પાર્કલ જેમાં સોનું અને અન્ય પાર્સલ લઈ રાજકોટ તરફ જઈ રહી હતી. ત્યારે ૧૧-૧૫ની આસપાસ

● અનુસંધાન પાન-૭ પર

ઝેસ્ટ એન્ટરપ્રાઈઝ
સહર્ષ રજૂ કરે છે
Adityaa milk
દક્ષિણ ભારતના ખ્યાતનામ આઈસક્રીમ
આઈસક્રીમનો સ્વાદ માણવા એક અવશ્ય પધારો
ઝેસ્ટ કોફી
એ-૧૨, રાધે સ્કવેર, રીલાયન્સ ચાર રસ્તા, કુડાસણ, ગાંધીનગર
આદિત્ય મિલ્કના 'આમરસ', 'ટેન્ડર કોકોનટ', 'ગાવા' નવીનત્તમ આઈસક્રીમની મોજ માણો. સાથે અસલ કોફી બીન્સની કોફી, શેક્સ, કોલ્ડ કોફી, તેમજ ઠંડાપીણા અને ચાનો આનંદ ઉઠાવો
દરરોજ સવારે ૮-૦૦ થી રાત્રે ૧૧-૦૦ સુધી
ZEST COFFEE
A-12, RADHE SQUARE, RELIANCE SQUARE, KUDASAN, GANDHINAGAR
UDAY JOSHI - 98983 64061 • HARI JOSHI - 90335 35987

## એન્ટીબાયોટિક તેમજ એન્ટી ડાયાબીટીસ દવા સસ્તી થઇ

નવી દિલ્હી,તા. ૪

સામાન્ય રીતે ઉપયોગ કરવામાં આવતી એન્ટી બાયોટિક અને એન્ટી ડાયાબીટીસ દવાની કિંમતમાં ૧૦-૩૫ ટકા વચ્ચેનો ઘટાડો કરવામાં આવ્યો છે. દવાની કિમતમાં ઘટાડો કરવામાં આવ્યા બાદ સામાન્ય લોકોને મોટી રાહત મળી શકે છે. એનપીપીએ દ્વારા કિમતોમાં ઘટાડો કરવામાં આવ્યા બાદ તમામ લોકોને રાહત થઈ છે. દવાની કિંમત ખુબ વધારે હતી. એનપીપીએના ચેરમેન ભુપેન્દ્રસિંહે કહ્યુ છે કે નવી કિંમતો તાત્કાલિકરીતે અમલી કરવામાં આવી ચુકી છે.

તેમણે કહ્યુ હતુ કે આ તમામ ૨૫ દવા પહેલા પણ સરકારના નિયંત્રણ હેઠળ હતી.

## શિહોરીનો યુવાન શંકાસ્પદ જાપાનીઝ એનકેફેલાઈટીસમાં સપડાયો

### તંત્રનું સાવચેતીપૂર્વકનું મૌન : બનાસકાંઠા જિલ્લો સંવેદનશીલ કેટેગરીમાં હોઈ ત્યાં અસરકારક મોનીટરીંગ થઈ રહ્યુ છે : ડો. દિનકર રાવલ

ગાંધીનગર, તા. ૪

બનાસકાંઠા જિલ્લાના શિહોરીમાં એક યુવાનને જાપાનીઝ એનકેફેલાઈટસના શંકાસ્પદ લક્ષણો જણાતાં રાજ્યનું આરોગ્ય તંત્ર દોડતુ થયું છે. જો કે આરોગ્ય સત્તાવાળાઓ આ અંગે સાવચેતીપૂર્વકનું મૌન જાળવી અને વાહકજન્ય રોગચાળા માટે જિલ્લો અતિ સંવેદનશીલ હોવાનું કહી વાતને સિફતપૂર્વક ટાળી રહ્યા છે.

મળતી બિન સત્તાવાર વિગતો પ્રમાણે શિહોરીના યુવાનને ડેન્ગ્યુ પોઝીટીવ આવ્યો હતો પરંતુ આ રિપોર્ટ પછી પણ તેના નમુના પૂનાની વાયરોલોજીકલ ઈન્સ્ટીટ્યુટમાં તપાસ માટે મોકલાયા હતા અને તેણે આપેલા અહેવાલમાં આ અંગે શંકા વ્યક્ત કરી દર્દીનો સિરમનો ટેસ્ટ કરવા માટે સૂચવ્યુ હતુ.

જો કે હવે તો દર્દી સાવ સામાન્ય તંદુરસ્ત જીવન ગુજારી રહેલ છે. પરંતુ પૂનાની વાયરોલોજીકલ ઈન્સ્ટીટ્યુટના નવા પરીક્ષણ માટે તૈયાર નહિ હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

જાપાનીઝ એનફેકેલાઈટીસ એ આમ તો મચ્છરથી થતો રોગ છે. તે ઈલેક્સ(વૈશ્નવી) મચ્છરના ડંખથી થતો હોય છે. આ મચ્છર પાણી ભરાઈ રહેતુ હોય અને જંગલી ઘાસ થતુ હોય તેવા વિસ્તારમાં જોવા મળતો હોય છે. શિહોરી પંથકમાં આ મચ્છરની ઉત્પત્તિના કોઈ જ ચિહ્નો દેખાતા નથી. જો કે રાજ્યનું આરોગ્ય તંત્ર જે રીતે દોડી રહ્યુ છે તે જોતાં આખીય બાબત વધુ ગંભીર બની જાય છે.

બનાસકાંઠા જિલ્લો આમ તો સરહદી જિલ્લો છે. અહિ પાણીની તંગી છે એટલુ જ નહિ પેયજળ માટે પણ પાત્રોમાં પાણીનો સંગ્રહ કરવામાં આવે છે. અહિ એડીસ મચ્છરો જે ડેન્ગ્યુ ફેલાવે છે તે વધુ જોવા મળે છે.

આ મુદ્દે જ્યારે ગાંધીનગર સમાચારે ડૉ. દિનકર રાવલનો સંપર્ક કર્યો ત્યારે તેમણે ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું હતું કે આવુ કશુ જ નહિ હોવાનું જણાવ્યું હતું. તેમણે એવો એકરાર કર્યો હતો કે બનાસકાંઠા જિલ્લો વાહકજન્ય રોગચાળા માટે સંવેદનશીલ કેટેગરીમાં આ વખતે મુકાયેલ છે અને તંત્રએ ત્યાં ચાલી રહેલી સ્પ્રેની કામગીરી તેમજ પ્રિ. મોન્સુનની કામગીરી માટે વધુ ધ્યાન કેન્દ્રીત કર્યું છે.

ડૉ. દિનકર રાવલે જણાવ્યુ હતુ કે બનાસકાંઠા જિલ્લો સંવેદનશીલ કેટેગરીમાં હોવાથી ત્યાં તંત્ર દ્વારા સીધુ મોનીટરીંગ થાય છે અને એટલે અધિકારીઓની ટીમ ત્યાં જતી હોય તેવુ તમને લાગે છે. તેમણે દાવો કર્યો હતો કે ત્યાં પરિસ્થિતિ સાવ સામાન્ય છે પણ અસરકારક મોનીટરીંગ અને પ્રિ. મોન્સુન એક્ટીવીટી સઘન રીતે ચાલી રહી છે.

મળતી વિગતો પ્રમાણે આ તાલુકાની રાજ્યના એપેડેમીક વિભાગની ઉચ્ચ સ્તરીય ટીમે પણ મુલાકાત લીધી છે.

